જા.નં.મા -૪/પ્ર.શિ./૨૦૨૧-૨૨/૨૧૦૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.૨૨/૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા. અનુદાનિત શાળાઓ,
સુરત, જિ.સુરત

વિષય : પ્રવાસી શિક્ષકોના રોજકામ મોકલી આપવા બાબત
સંદર્ભ : જિ.શિ.અ ની પત્ર ક્રમાંક:મા-૩/પ્રવાસી.શિ/૨૦૨૨/૬૧૦ તા.૧૨/૦૧/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે જે શાળાઓને પ્રવાસી શિક્ષકો માટેની મંજુરી મળેલ હોય તે શાળાઓએ મંડળનો ઠરાવ, રોજકામ, મંજુરી મળ્યાનો પત્ર, ગુણાંકન પત્રક, શિક્ષકોનો હાજર રીપોર્ટ, અરજી તેમજ લાયકાતના પ્રમાણપત્રો શહેર વિસ્તારની શાળાઓએ તા.૨૪/૦૧/૨૦૨૨ નાં રોજ અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓએ તા.૨૫/૦૧/૨૦૨૨ નાં રોજ આ કચેરીની મા-૪ શાખામાં રૂબરૂ રજુ કરવું. ઉક્ત સમયમર્યાદામાં પ્રથમ રોજકામની ફાઈલ જમા કરાવવાની રહેશે અન્યથા બિલ સ્વિકારવામાં નહિ આવે. ડીસેમ્બર મહિનામાં હાજર કરેલ પ્રવાસી શિક્ષકોના બિલ તેમજ જાન્યુઆરી મહિનાના બિલની ફાઈલ ફેબ્રુઆરી મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં, ફેબ્રુઆરી મહિનાના બિલ માર્ચ મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં અને માર્ચ મહિનાના બિલ ૨૦ માર્ચ ૨૦૨૨ સુધીમાં અત્રે જમા કરાવવાના રહેશે. જો સમયમર્યાદામાં બીલ રજૂ કરવામાં નહિ આવે અને ગ્રાન્ટ ન ચૂકવાય તો સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત